ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પંઢરીનાથ શંકરરાવ જગતાપ
મો. ૯૮૨૫૦ ૨૯૨૦૪



ચંદ્રસિંહ રેવાજી બિહોલા
મો. ૯૪૨૬૨ ૮૨૮૨૧



ભીખુસિંહ ટી વાઘેલા
ઓડિટર, રાજપૂત સમાજ
ઉપપ્રમુખ, સે. ૪ રાજપૂત સમાજ



ભગવાનભાઈ ગોહેલ
પ્રમુખ, ગાંધીનગર શહેર મોચી સમાજ, મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪

## એસ જી સ્કૂલમાં સલાડ મેકીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં ગઈકાલે શાકભાજીમાંથી સલાડ તૈયાર કરવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓએ સુંદર સલાડ તૈયાર કરી ડીશ ડેકોરેશન કર્યું હતું. આ સ્પર્ધામાં કોબીજ, બટાટા, ડુંગળી, વટાણા, કોથમીર, ગાજર, મૂળો, મરચા, ટામેટા સહિતના શાકભાજીનો ઉપયોગ કરી અદ્ભુત સલાડ ડીશ તૈયાર કરવામાં આવી હતી. સ્પર્ધામાં બ્લ્યુ ગ્રુપ પ્રથમ નંબરે, ગ્રીન ગ્રુપ બીજા નંબરે અને યલો ગ્રુપ ત્રીજા નંબરે વિજેતા બન્યું હતું. વિજેતા ગ્રુપને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધામાં ડૉ. યોગીન પટેલ નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા.

# બીસીએ કૉલેજમાં ત્રિ દિવસીય આઈ ટી ફેર અને 'અક્ષ'નું સમાપન







ગાંધીનગર, તા.૩૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર (બીસીએ અને પીજીડીસીએ) દ્વારા ત્રિદિવસીય આઈટી ફેર અને 'અક્ષ' નામની આર્ટ અને લીટરરી ઈવેન્ટના તૃતીય દિવસે અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારની ૧૭ કરતા વધારે સ્કૂલના ૧૬૪૦થી વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તૃતીય દિવસના મુખ્ય આકર્ષણોમાં રોબોટીકસ, સાયબર વોર, બાટોમેટ્રીકસ, ઈમેજ વર્લ્ડ, હાર્ડવેર ગેરેજ, કમ્પ્યુટર નેટવર્કિંગના સ્ટોલમાં વિદ્યાર્થીઓએ કમ્પ્યુટર પ્રોગ્રામિંગ દ્વારા ચાલતા રોબોટ કેવી રીતે કામ કરે છે તેનું નિદર્શન કર્યું હતું. ડીજીટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરતા સાયબર વોરના મોડેલમાં આપણા દેશની સાયબર સિકયોરીટી મિલેટ્રી અને ડીફેન્સમાં કેવી રીતે મદદરૂપ થાય છે તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાટોમેટ્રીકસ સિસ્ટમ વડે ફિંગરપ્રિન્ટ, રેટીના, વોઈસ પેટર્ન, ડીએનએ વગેરે દ્વારા મનુષ્યની આંતરિક ઓળખ અને સુરક્ષા અંગેની પદ્ધતિઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. કમ્પ્યુટર નેટવર્કિંગના સ્ટોલમાં માહિતીના આદાન પ્રદાન, ઈન્ટરનેટ કેવી રીતે કામ કરે જેમાં લેન, વેન, વાઈમેકસ, વાઈફાઈ, લાઈફાઈ વગેરેનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

'અક્ષ'ની વિવિધ ઈવેન્ટ જેવી કે સ્ટોરી કમ્પ્લીશન, કાર્ડ મેકિંગ, ઈલોકયુશન, મહેંદી, મેથ પઝલ, રંગોલી, કવીઝના ત્રણેય દિવસના સવાર તેમજ બપોરના વિભાગના વિદ્યાર્થીઓને પ્રથમ અને દ્વિતિય ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિવિધ શાળાઓના પ્રિન્સીપાલશ્રીઓએ પોતાના પ્રતિભાવો આપતા ઈન્ફર્મેશન ટેકનોલોજીને અવગત કરાવતા આ નવતર પ્રયોગોને ખુબ વખાણ્યા હતા.

ત્રિ દિવસીય આઈટીફેર અને 'અક્ષ'ની સમગ્ર ઈવેન્ટને સફળતાપૂર્વક પુરી પાડવામાં બીપીસીસીએસ ટીમના ૨૧ ફેકલ્ટીઓ તેમજ ૩૦૦થી વધારે વિદ્યાર્થીઓ, સંસ્થાના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ કાર્ય કરી રહ્યા હતા. જેના ફળ સ્વરૂપે ગાંધીનગર અમદાવાદ અને આસપાસના જિલ્લાઓની કુલ ૬૦ કરતા વધારે સ્કૂલોના ૬૧૨૫ કરતા વધારે વિદ્યાર્થીઓએ મુલાકાત લધી હતી. આ આઈટીફેરના સફળતાપૂર્વક સમાપન માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કોલેજ પરિવાર વતી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકગણને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## સ્વાગતમ્ - ૨૦૧૬

પ્રત્યેક ક્ષણને ઉત્સવની જેમ માણીએ. જતી ક્ષણનો શોક ન કરીએ. ભર્યું ભર્યું જીવી જઈએ. કોઈની આળી લાગણીઓને અડીએ અને આશ્વસ્ત કરીએ. વિત્યા કાળની વાતોમાં વખત ન ગુમાવીએ. વર્તમાનની ક્ષણેક્ષણને વહાલી કરીએ, પુષ્પોના પમરાટની દોસ્તી કરીએ, કોયલની કૂકને કાને ધરીએ.

વરસતી વાદળીની જેમ બધાયની ઉપર બધી જગ્યાએ વરસી જઈએ, વેરની વેલીઓને નિર્મૂળ કરીએ. આંખમાં અમી છલકાવીએ, વાણીમાં નમ્રતા અને દૃષ્ટિમાં વહાલ વસાવીએ.

નવું વર્ષ જૂનું થતું જાય એ પહેલાં મસ્ત મસ્ત જીવી જઈએ. વહાલની વાટે વિસામો બનીએ, થાકેલાની વ્હારે ચડીએ, હારેલાનો હાથ પકડીએ, ઝૂકેલાને જતનથી ઝાલી લઈએ, રડતાનાં આંસુ લૂછી આશાનાં તોરણો બંધાવીએ, સંઘર્ષોનું સમાપન કરીએ, મતભેદો



ભૂલી ભવ્ય ભવિષ્યની કેડી કંડારીએ.

- શૈલેષભાઈ પંડ્યા

# ભાડજ હરેકૃષ્ણ મંદિર દ્વારા ૨૦૧૫ના વર્ષને વિદાયમાન

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદની સાયન્સ સીટી નજીક આવેલા ભાડજ ગામના હરેકૃષ્ણ મંદિર ખાતે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો દ્વારા ૨૦૧૫ના વર્ષને વિદાય આપવા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આહલાદક સંગીત, વિનોદ અને ઉત્તેજના સભર રમત-ગમત, કૃષ્ણ લીલા પર નૃત્યનાટિકા, વૈદિક પ્રશ્નોત્તરી સ્પર્ધા વગેરે કાર્યક્રમો યોજાયા હતા. આ ઉજવણીમાં સ્પર્ધકો મનોરંજનની સાથે અતિ મૂલ્ય આધ્યાત્મિક સિધ્ધાંતનો બોધ પણ આપવામાં આવ્યો હતો. 'કોણ બનશે સર્વોચ્ચ કૃષ્ણભકત' પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ માટેના પ્રશ્નો ભાગવદ-ગીતા, ધાર્મિક ગ્રંથોમાંથી સર્વશ્રેષ્ઠ રીતે પસંદ કરવામાં આવ્યા હતા. પ્રશ્નોત્તરી સ્પર્ધાની રાત્રે ૯.૦૦ કલાકે શરૂઆત થાય તે પહેલા બધા સ્પર્ધકોને ચકાસવામાં આવ્યા હતા. હોટ સીટમાં પહોંચવા માટે સ્પર્ધકો ૫ કે ૧૦ના સમૂહમાં આપેલા પ્રશ્નોનો ઉત્તર આપવા પ્રયત્નો કર્યા હતા. આત્મા આશરે ૮૪ લાખ પ્રજાતિની યોનીઓ તેના વિવિધ જીવનકાળ દરમિયાન ધારણ કરે છે. આ સર્વોત્તમ સિધ્ધાંતનો બોધ સર્વે ભકતોને આપવા માટે હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ઉત્તમ નમૂનારૂપ મ્યુઝીકલ ચેર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈષ્ણવી સંઘ જે મંદિર સાથે સંકળાયેલ નારીઓનું એક આધ્યાત્મિક સમુદાય છે તેના દ્વારા કૃષ્ણલીલા વિષય વસ્તુ પર સુંદર નૃત્યનાટીકા ભજવવામાં આવી હતી. મધ્યરાત્રિએ ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી, જેમાં મંદિરના યુવા ગ્રુપના સભ્યો દ્વારા ભજનો પણ ગાવામાં આવ્યાં હતાં.





શાળા-મહાશાળામાં નવા વર્ષના વધામણા

# છગનભા વિજય પદ્મ પારિતોષિક સ્પર્ધામાં જે બી પ્રાથમિક શાળા ચેમ્પિયન બની



ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓના સ્થાપક પૂજય છગનભાની સ્મૃતિની યાદમાં કડી મુકામે ગત તા.૨૬-૧૨-૨૦૧૫ને શનિવારનાં રોજ પૂજય છગનભા વિજય પદ્મ પારિતોષિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે.બી. પ્રાથમિક શાળાનાં ૧૨ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં એથ્લેટીકસની લાંબી કૂદમાં પટેલ રાજે તૃતીય સ્થાન, ગોળાફેંકમાં રાવત સતીષે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સાંસ્કૃતિક અને બૌદ્ધિક વિભાગની વકતૃત્વ સ્પર્ધામાં પરમાર વૈભવે દ્વિતીય સ્થાન, કેરમ સ્પર્ધામાં શ્રીવાસ્તવ રોશને દ્વિતીય સ્થાન અને ચેસ સ્પર્ધામાં પટેલ વ્રજે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી વિજેતા બન્યા હતા. આ ઉપરાંત ઈનડોર ગેઈમ્સની ટેબલ ટેનિસમાં ગાંધર્વ મોહિતે પ્રથમ, સ્કેટિંગ સ્પર્ધામાં આચાર્ય જય હરિરામે પ્રથમ અને બેડમિન્ટનમાં વણઝર ભાવેશે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું.

સર્વ વિદ્યાલય કેમ્પસ કડી ખાતે યોજાયેલ સ્પર્ધાઓમાં ઈનડોર ગેઈમ્સમાં શ્રી જે.બી. પ્રાથમિક શાળાના બાળકોને સુંદર દેખાવ કરી ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરવા બદલ આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તથા શાળા પરીવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સેક્ટર-૬ ખાતે સ્વામીનારાયણ મંદિરનો શિલાન્યાસ સમારોહ આજે સાંજે

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૬બી ખાતે સ્વામીનારાયણ મંદિર વાસણા સંસ્થા આયોજિત નૂતન મંદિર નિર્માણ કાર્ય હાથ ધરાયું છે. તા. ૧લી જાન્યુઆરીને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક દરમિયાન યોજાશે. નૂતન સ્વામીનારાયણ મંદિરનો શિલાન્યાસ સમારોહ તથા દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુરુવર્ય પૂ. બાપજી તેમજ પૂ. સત્ય સંકલ્પદાસજી સ્વામીજી આર્શિવચન પાઠવશે. આ પ્રસંગે તમામ ધર્મપ્રેમી નગરજનોને ઉપસ્થિત રહેવા અખબાર યાદીમાં જણાવાયું છે.

# કાંકરિયા કાર્નિવાલનું શાનદાર સમાપન

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરમાં છેલ્લા સાત દિવસથી ચાલી રહેલા કાંકરિયા કાર્નિવલની રંગારંગ કાર્યક્રમ વચ્ચે આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણાહુતિ થઈ હતી. સાત દિવસના ગાળા દરમિયાન કોઈપણ અનિચ્છનિય બનાવ ન બનતા તંત્રને મોટી રાહત થઈ છે. છેલ્લા સાત દિવસથી પુરતી સુરક્ષા વ્યવસ્થા કાર્નિવલને લઈને રાખવામાં આવી હતી. કાર્નિવલનો છેલ્લો દિવસ હોવાથી કાર્નિવલમાં ફટાકડા ફોડીને આતશબાજી કરવામાં આવી હતી જેનાથી આખુ આકાશ રંગબેરંગી થઈ ગઈ હતું જે જોઈને મુલાકાતીઓમાં હર્ષનો ઉલ્લાસ છવાઈ ગયો હતો. કાંકરિયા કાર્નિવલમાં આજે છેલ્લા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતી, હિન્દી પ્લે બેક સિંગિંગ તથા પરફોર્મન્સના કાર્યક્રમો યોજાયા હતા. પ્રોફેશનલ ગ્રુપ દ્વારા નૃત્યના કાર્યક્રમ યોજાયા હતા. આ ઉપરાંત મ્યુનિસિપલ શાળાના બાળકો દ્વારા પરફોર્મન્સ અપાયું હતું.

# કોઈના દોષ ન જોશો દોષ જોજો પોતાના



શ્રી રામકૃષ્ણ પરમહંસનાં લીલા-સહધર્મિણી દેવી મા શારદાદેવી એમના અસંખ્ય ભક્તોમાં 'શ્રી શ્રી મા' તરીકે જાણીતાં છે. પશ્ચિમ બંગાળના બાંકુડા જિલ્લાના જયરામવાટી નામના નાના ગામમાં તેઓનો જન્મ માગશર વદ-૭, ગુરુવાર, તા. ૨૨ ડિસેમ્બર, ૧૮૫૩ના શુભ દિવસે થયો હતો. તેઓના પિતાનું નામ શ્રી રામચંદ્ર મુખોપાધ્યાય અને માતાનું નામ શ્યામાસુંદરીદેવી હતું. પિતા દેવપૂજા, યજન, પૂજન, કર્મકાંડની આવકમાંથી ગુજરાન ચલાવતા હતા. માતા પતિપારાયણ, પવિત્ર, ભક્તિવાન અને ઉદાર ચરિત્રવાળાં હતાં. માત્ર ૬ વર્ષની નાની ઉંમરે શારદાદેવીનાં લગ્ન શ્રી રામકૃષ્ણ પરમહંસ જોડે થયાં હતાં. આ એક અલૌકિક અને દિવ્ય વિવાહ હતા કારણ કે તેમણે સામાન્ય મનુષઅયની જેમ સાંસારિક જીવનમાં કદી પ્રવેશ કર્યો ન હતો.

૧૮૬૭માં શ્રી માને શ્રી રામકૃષ્ણના ગાઢ પરિચયમાં આવવાની તક સાંપડી હતી. શ્રી રામકૃષ્ણએ તેમને પોતાના શિષ્યા તરીકે સ્વીકારીને તેમને સ્નેહપૂર્વક માનવ સ્વભાવનું ઊંડું જ્ઞાન આપ્યું હતું તેમજ જીવનમાં ઈશ્વર પ્રત્યે પૂરી શરણાગતિનો ભાવ રાખવાનું શીખવ્યું હતું. શ્રી રામકૃષ્ણ પરમહંસે શારદાદેવીની આદ્યશક્તિ પરમા પ્રકૃતિ તરીકે અક્ષરસહ પૂજા કરી હતી તથા 'તમારામાં અને મા કાલીમાં જરા પણ ભેદભાવ નથી' એમ કહીને તેમણે શ્રી શારદાદેવીમાં માતૃભાવની ભાવના જાગ્રત કરી હતી.

તેમનું સાદું, કઠિન, તપસ્યામય જીવન, સર્વ પ્રત્યે વરસતું માતૃવાત્સલ્ય - આ બધું ખરેખર આશ્ચર્યજનક અને અનુપમ છે. તેમનું જીવન એટલે પ્રાર્થનાની અવિરામ પ્રશાંતિ, ભક્તિની અનન્ય એક નિષ્ઠા. સમયે-કસમયે પોતાના વ્યાકુળ અંતરના અસહ્ય શોક-તાપનો ભાર હળવો કરવા જે નર-નારી મા પાસે આવતા તેમને માતાજીના શાશ્વત આશીર્વાદ તથા કરુણાસભર અને બોધદાયક અમૃતવાણીનો લાભ મળતો અને તેને લીધે એમના અંતરના સંતાપ કાયમને માટે શાંત થઈ જતા.

તેમનામાં પ્રગટ થયેલાં વિવિધ રૂપો - પતિપરાયણ પત્ની, સંપૂર્ણ સંન્યાસિની, કરૂણામયી સંતાન વત્સલ માતા અને આદર્શ ગુરુ - અદ્ભૂત અને અસામાન્ય છે. ભારતીય નારીત્વના આદર્શના વિષયમાં તેઓ ખરેખર 'શ્રી રામકૃષ્ણદેવના આખરી નિર્ણયરૂપ' હતા. શ્રી રામકૃષ્ણદેવની મહાસમાધિ પછી એમના આધ્યાત્મિક સંતાનોની સંભાળ રાખવાની જવાબદારી શ્રી માએ સ્વયં સ્વીકારી હતી અને તેમની આસપાસ કેન્દ્રિત થઈને ધીમેધીમે મહાન શ્રી રામકૃષ્ણ મિશને ભવ્ય વિકાસ સાધ્યો હતો. કલકત્તામાં ૨૦ જુલાઈ, ૧૯૨૦ના રોજ એમણે મહાસમાધિમાં પ્રવેશ કર્યો હતો.

શ્રી માનો અંતિમ ઉપદેશ આ હતો : જો શાંતિ ઈચ્છતા હોવ તો કોઈના દોષ જોતા નહિ, દોષ જોજો પોતાના. જગતને પોતાનું કરી લેતાં શીખો. કોઈ પારકું નથી, જગત છે તમારું.


- રજનીકાન્ત ભટ્ટ

# રઘુવીરભાઈને જ્ઞાનપીઠ : વિધાયક દૃષ્ટિનું સન્માન

ભારતીય સાહિત્ય ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન એ જ્ઞાનપીઠ ગણાય છે. સહુ ગુજરાતી ભાષા અને સાહિત્યપ્રેમીઓ માટે આ આનંદ અને ગૌરવવંતી ઘટના છે કે આ સન્માન આ વખતે રઘુવીર ચૌધરીને પ્રાપ્ત થયું છે. આ એક એવું નામ છે કે જેના પ્રત્યેનો આદર આપોઆપ ઊભો થાય છે. હમણાં જ ભૂજ અધિવેશનમાં એમને મળવાનું થયું હતું ત્યારે ખબર નહોતી કે બે દિવસ પછી આવા આનંદદાયક સમાચાર મળશે. ખેર, ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ, રાજેન્દ્ર શાહ પછી રઘુવીર ચૌધરી સન્માનિત થયા છે એનો ઝાઝેરો આનંદ છે.

હિન્દી સાહિત્યના અધ્યાપક તરીકે વર્ષો સુધી અધ્યાપન કરનાર રઘુવીર ચૌધરી ભારતીય સાહિત્યના અભ્યાસી છે. નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, કવિતા, વિવેચન, અનુવાદ, સંપાદન - આમ બધાં સ્વરૂપોમાં રઘુવીર ચૌધરીની કલમ વિહરી છે. પણ નવલકથાકાર તરીકે તેઓ વિશેષ વ્યાપ્ત છે. એમની નવલકથાયાત્રાનો પહેલો પડાવ 'અમૃતા'. અસ્તિત્વવાદી વિચારધારાના પ્રભાવ હેઠળ લખાયેલી આ કૃતિ ગુજરાતી નવલકથાનું પણ એક સીમાચિહ્ન છે. 'ઉપરવાસ, સહવાસ, અંતરવાસ' એ નવલકથાત્રયી એ બીજો પડાવ છે. જેને માટે એમને સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. 'સોમતીર્થ' નવલકથા ત્રીજો પડાવ છે. ભારતીયતા અને ભારતીય મૂલ્યોને એમની નવલકથાઓ સતત ઉજાગર કરવા મથે છે. ફૂટપાથનો થાક ખેતરના શેઢે ઉતારનાર આ કવિતા અંતિમ કવિના અંતિમ કાવ્ય સંગ્રહનું નામ જ 'ધરાધામ' છે. ધરા જ ધામ હોય એવી સમજના તેઓ પુરસ્કર્તા છે અને એ અર્થમાં એ એક કૃષિસર્જક છે.

રઘુવીર ચૌધરીને મિત્રોનું વળગણ રહ્યું છે. મિત્રો એમની મોટી મૂડી છે. 'સહરાની ભાવના'ના રેખાચિત્રો કે 'તિલક કરે રઘુવીર'ના બે ભાગમાં આલેખાયેલા રેખાચિત્રો પણ આ વાતની સાહેદી પૂરે છે કે મિત્રો સાથે એમનો હૃદયગત સંબંધ







રહ્યો છે. કોઈને અસ્વીકાર કે બહિષ્કાર એમના સ્વભાવમાં નથી. સહુના સ્વીકારના તેઓ માણસ છે. જીવન પ્રત્યેનું એમનું આ વલણ એમના સાહિત્યમાંથી પણ પ્રગટ થાય છે. જીવન અને સાહિત્ય દ્વારા પણ એક હકારાત્મક વલણ ઊભું કરવું. 'સર્વજન હિતાય અને સર્વજન સુખાય'નો આદર્શ તેઓ સતત ચરિતાર્થ કરતા રહ્યા છે.

જીવનના પંચોતેર વર્ષે પ્રગટ થયેલા 'અમૃતથી ધરાધામ' ગ્રંથના બે ભાગ પર નજર કરીએ ત્યારે પણ ખ્યાલ આવે છે કે આ સર્જકનો વ્યાપ કેટલો બધો રહ્યો છે. વ્યાપકતા અને ઊંડાણ સાથે સર્વજનને સ્પર્શે એવો એમનો અભિગમ રહ્યો છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે કે પછી અત્યારે ટ્રસ્ટી તરીકે પણ કાર્યરત રઘુવીરભાઈ પરિષદના મોભી સમાન છે. ઉમાશંકર જોશીનો સંસ્પર્શ પામેલા રઘુવીરભઆઈ એક સૈનિકની જેમ ગુજરાતી સાહિત્ય પરિષદને વફાદાર રહ્યા છે અને ગુજરાતી સાહિત્ય પરિષદ એમની પહેલી નિસબત રહી છે.

કબીરના અભ્યાસી રઘુવીરભાઈ ભારતીય સંત કવિતાધારાના પણ અભ્યાસી છે. 'આધુનિક કવિતા' વિવેચન સંગ્રહમાંથી પસાર થનારને એ મોટા ગજાના વિવેચક છે એનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. દર્શક, પન્નાલાલ પટેલ, જયંતિ દલાલ જેવા કેટલાયે સર્જકોનો તેમણે વિશેષ અભ્યાસ કર્યો છે અને એ નિમિત્તે ગ્રંથો પ્રગટ કર્યા છે. 'સિકંદર સાની' કે 'ડિમલાઈટ' જેવાં નાટકો એમની તખ્તાલાયકી કે રંગભૂમિ સાથેનો પરિચય કરાવે છે.

અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા રઘુવીરભાઈને કામનો થાક વર્તાતો નથી. આ બધાં કામો વચ્ચે પણ એમની કલમ અટકતી નથી. એમની કલમ અટકતી નથી એટલે જ જીવનના દરેક ભાવ-રસને એ પ્રગટ કરવા મથે છે અને એમાં ધ્યાન ખેંચનારું લક્ષણ એ વિધાયક પરિબળનું રહ્યું છે. ઐતિહાસિક નવલકથા હોય કે સામાજિક નવલકથા હોય, આ વિધાયક પરિબળ સતત પ્રગટતું રહ્યું છે. નર્મદચંદ્રકથી માંડીને ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર સહુ સન્માનોથી રઘુવીરભાઈ વિભૂષિત છે. સાહિત્ય અકાદમીએ થોડા વખત પહેલાં એમને ફેલોશિપથી વિશેષ નવાજ્યા હતા અને હવે જ્ઞાનપીઠ સન્માન પ્રાપ્ત થાય છે ત્યારે એક વ્યાપક અને વિધાયક દૃષ્ટિનું સન્માન થઈ રહ્યું છે, એવી લાગણી થાય છે. રઘુવીરભાઈને ખૂબ-ખૂબ અભિનંદન!